**એમ. એ. સી. પી . નં. ૭૩૫ / ૨૦૨૫**

**આંક–૧ નીચે હુકમ :**

અરજદાર/અરજદાર ના વિ. વકીલશ્રી તથા સામાવાળા/સામાવાળા ના વિ. વકીલશ્રીએ હાજર થઈ આજરોજ લોક અદાલતમાં આંક–૧૪ થી સમાધાન રજુ કરતાં તે સ્વૈચ્છિક તેમના લખાવ્યા મુજબ અને પક્ષકારોને કબુલ મંજુર હોવાનું સ્વકારતા સદર સમાધાન નોંધવા હુકમ કરવામાં આવેલ છે તે સમાધાનને અનુરૂપ નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

(૧) હાલના કલેઈમ સંબંધે સામાવાળા વીમા કંપનીએ અરજદારને અરજી સંબંધે ફુલ એન્ડ ફાયનલ સેટલમેન્ટ પેટે વળતરના રૂા.૭,૦૦,૦૦૦/– (અંકે રૂપીયા સાત લાખ પુરા) ચુકવવા જવાબદારી સ્વીકારેલ છે અને અરજદારે સદર સેટલમેન્ટ વાળી રકમ સુધી પોતાનો કલેઈમ મર્યાદિત કરી સ્વીકારેલ છે અને અરજદારે બાકીના સામાવાળાઓને કલેઈમની જવાબદારીમાંથી મુકત ગણવા કબુલ રાખેલ છે.

(૨) જવાબદારી સ્વીકારનાર સામાવાળાએ સમાધાન મુજબની રકમ આજ થી ૩૦ દિવસમાં અરજદારને ચુકવવી કે ટ્રીબ્યુનલમાં જમા કરાવવાની રહેશે, તેમાં નિષ્ફળ ગયેથી સમાધાનની તારીખ થી દર વર્ષે ૯ ટકાના દરથી સાદું વ્યાજ અરજદારને ચુકવવાનુ રહેશે.

(૩) વળતર અરજીનો ખર્ચ પક્ષકારોએ જાતે ભોગવવાનો રહેશે.

મળવાપાત્ર કોર્ટ ફી રીફંડ સર્ટીફીકેટ અરજદાર ના નામનું કાઢવું

ઉપરોકત વિગતે એવોર્ડ દોરવો.

હુકમ આજરોજ તા.૧૪ મી માહે માર્ચ સને ૨૦૨૬ ના રોજ લોક અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૧૪/૦૩/૨૦૨૬
અમદાવાદ

(એસ. સી. મકવાણા)
મોટર એકસીડેન્ટ કલેઈમ ટ્રીબ્યુનલ (સહાયક–૯)
અમદાવાદ(ગ્રામ્ય), નવરંગપુરા
CODE : GJ00920